રાજ્યનાં જુદા જુદા વિભાગો દ્વારા બનાવવામાં
આવેલ ચેકડેમોની મરામતની કામગીરી માટેની
કાર્યપદ્ધતિ નક્કી કરવાની બાબત

ગુજરાત સરકાર,
નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,
ઠરાવ ક્રમાંક: સીડીએમ/૨૦૧૬/૨૩૧૩/(૧)/ક-૨,
સચિવાલય., ગાંધીનગર.
તા.૨૩/૦૧/૨૦૧૭.

**પુર્વભુમિકા:**

રાજ્યમાં જળસંપત્તિ વિભાગ દ્વારા અત્યાર સુધીમાં સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના તેમજ અન્ય યોજનાઓ હેઠળ મળી કુલ ૯૧૯૦૦ થી વધુ અને અન્ય વિભાગો દ્વારા ૭૪૫૦૦ થી વધુ ચેકડેમો બાંધવામાં આવ્યા છે. આ સઘળા ચેકડેમોના કારણે રાજયના વિવિધ વિસ્તારોમાં ભુગર્ભ જળના સ્તરોમાં નોંધપાત્ર સુધારો જોવા મળેલ છે.

રાજ્યમાં જુદા જુદા વિભાગો દ્વારા બનાવવામાં આવેલ ચેકડેમો પૈકી કેટલાક ચેકડેમોને ચોમાસા દરમ્યાન અંદાજીત પુર કરતા વધુ પુર આવવાથી કે તે જુના થવાથી સમારકામ કરવું જરુરી જણાયેલ છે. જેથી હયાત તમામ ચેકડેમો અસરકારક રીતે જળસંચય કરવામાં ઉપયોગી બને અને તેમનાં બાંધકામ પાછળનો ખર્ચ પૂરેપૂરો વસુલ થાય. આ માટે એક સર્વગ્રાહી નિતી બનાવી યથાસંભવ સત્વરે આ કામગીરી કરવાનો નિર્ણય પુખ્ત વિચારણાને અંતે ગુજરાત સરકાર દ્વારા લેવામાં આવેલ છે.

**ઠરાવ:**

(૧) રાજ્યનાં જળસંપત્તિ વિભાગ હસ્તકનાં ચેકડેમો પૈકી જે ચેકડેમો નુકશાન પામેલા હોય તેવા ચેકડેમની મરામતની કામગીરી જળસંપત્તિ વિભાગે કરવાની રહેશે. તેમજ ચેકડેમ રીપેરીંગની કામગીરી ઝડપથી હાથ ધરાય તે હેતુસર અન્ય વિભાગો જેવા કે વન અને પર્યાવરણ વિભાગ, આદિજાતિ વિકાસ વિભાગ, કૃષિ અને સહકાર વિભાગ, પાણી પૂરવઠા વિભાગ અને ગ્રામવિકાસ વિભાગ હસ્તકનાં ચેકડેમોને થયેલ નુકશાનનાં રીપેરીંગની કામગીરી જે તે વિભાગે જ કરવાની રહેશે.

(૨) જળસંપત્તિ વિભાગ હસ્તકનાં ચેકડેમોનાં રીપેરીંગ માટેની સૈધ્ધાંતિક મંજુરી માટે સબંધિત અધીક્ષક ઇજનેરશ્રીએ રાજ્ય સરકાર હેઠળનાં સબંધિત મુખ્ય ઇજનેર અને અધિક સચિવશ્રીને દરખાસ્ત મોકલવાની રહેશે. આ દરખાસ્તમાં તાલુકાવાર નુકશાન પામેલ ચેકડેમની સંખ્યા, તેની મરામત અંગે થનાર સંભવિત ખર્ચની વિગતો દર્શાવવાની રહેશે. આ વિગતો માન. રા.ક. મંત્રીશ્રી (જ.સં) (સ્વતંત્ર હવાલો) સમક્ષ રજુ કરી તેમની અનુમતી મેળવવાની રહેશે. સરકારશ્રીની સૈધ્ધાંતિક મંજુરી

મેળવ્યા બાદ પ્રવર્તમાન નિયમોનુસાર સક્ષમ કક્ષાએથી વહીવટી મંજુરી મેળવી બાંધકામની કામગીરી હાથ ધરવાની રહેશે.

(૩) જળસંપત્તિ પ્રભાગ હેઠળનાં પંચાયત સિંચાઇ વિભાગ હસ્તકનાં ચેકડેમો પૈકી જે ચેકડેમો નુકશાન પામેલા હોય તેવા ચેકડેમની મરામતની કામગીરીની સૈધ્ધાંત્તિક મંજુરી માટે અધીક્ષક ઇજનેરશ્રીએ રાજ્ય સરકાર હેઠળનાં મુખ્ય ઇજનેર (પં) અને અધિક સચિવશ્રીને દરખાસ્ત મોકલવાની રહેશે. આ દરખાસ્તમાં તાલુકાવાર નુકશાન પામેલ ચેકડેમની સંખ્યા, તેની મરામત અંગે થનાર સંભવિત ખર્ચની વિગતો દર્શાવવાની રહેશે. આ વિગતો માન. રા.ક.મંત્રીશ્રી (જ.સં) (સ્વતંત્ર હવાલો) સમક્ષ રજુ કરી તેમની અનુમતી મેળવ્યા બાદ આ કામોની સક્ષમ કક્ષાએથી વહીવટી મંજુરી મેળવી ટેન્ડર મારફત અથવા જીલ્લાવાર મંજુર કરેલ યુનીટ રેટ મુજબ બાંધકામની કામગીરી હાથ ધરવાની રહેશે.

(૪) મરામતની કામગીરીમાં ઝડપ લાવવા જળસંપત્તિ વિભાગનાં તા.૨૯/૦૧/૨૦૧૬ ના ઠરાવથી વહીવટી મંજૂરી આપવાની સત્તા નીચે મુજબ નિયત કરવામાં આવેલ છે.

કાર્યપાલક ઇજનેરશ્રી - રૂ.૫.૦૦ લાખ સુધી,
અધિક્ષક ઇજનેરશ્રી - રૂ.૧૫.૦૦ લાખ સુધી,
મુખ્ય ઇજનેરશ્રી - રૂ.૩૦.૦૦ લાખ સુધી.

રૂ.૩૦.૦૦ લાખથી રૂ.૧.૦૦ કરોડ સુધીની રકમના કામની સત્તા સચિવશ્રીને તેમજ રૂ.૧.૦૦ કરોડથી વધુ રકમના કામની વહીવટી મંજૂરી માન. મંત્રીશ્રી (જ.સં) પાસેથી લેવાની રહે છે. આ સત્તા મુજબ સક્ષમ કક્ષાએથી વહીવટી મંજુરી મેળવવાની રહેશે.

(૫) જળસંપત્તિ વિભાગ સિવાયનાં અન્ય વિભાગોએ બનાવેલ ચેકડેમ રીપેરીંગની મંજુરી અંગેની કાર્યપદ્ધતિ જે તે પ્રભાગની કાર્યપદ્ધતિ મુજબ કરવાની રહેશે અને વિભાગનાં સબંધિત માન. મંત્રીશ્રીની મંજુરી મેળવવાની રહેશે. ચેકડેમોમાં રીપેરીંગની કામગીરી ઝડપથી હાથ ધરાય તે હેતુથી રીપેરીંગની કામગીરી જે તે વિભાગે જ કરવાની રહેશે. અને જળસંપત્તિ વિભાગ દ્વારા આ ચેકડેમોનાં રીપેરીંગ માટે ખરેખર થયેલ ખર્ચ મુજબ ગ્રાન્ટ ફાળવવાની રહેશે.

(૬) પંચાયત હેઠળનાં કામો માટે સરકારશ્રીની સૈધ્ધાંત્તિક મંજુરી મેળવ્યા બાદ વહીવટી મંજુરી અંગેની કાર્યવાહી સક્ષમ કક્ષાએ કરવાની રહેશે.

(૭) રાજ્યનાં જુદા જુદા વિભાગો દ્વારા બાંધેલ તમામ ચેકડેમનાં રીપેરીંગ માટેની ગ્રાન્ટ તા.૦૧/૦૧/૨૦૧૭ થી જળસંપત્તિ વિભાગ દ્વારા નીચેનાં સદરે ફાળવવામાં આવશે.

ડીમાન્ડ નં. - ૬૬,
મુખ્ય સદર - ૪૭૦૨,
ગૌણ સદર - ૧૦૧,
પેટા સદર - ૦૨

આ અંગે સબંધિત વિભાગે તેમણે રીપેર કરેલ ચેકડેમ માટે થયેલ ખર્ચની વિગતો ત્રિમાસિક ધોરણે જળસંપત્તિ વિભાગને રજુ કરવાની રહેશે. અને તેનાં આધારે જળસંપત્તિ વિભાગ ઉપરોક્ત સદર હેઠળ ગ્રાન્ટની ફાળવણી સબંધિત વિભાગને કરશે. જળસંપત્તિ વિભાગ ખરેખર કરવામાં આવેલ ખર્ચનું પ્રમાણપત્ર સબંધિત વિભાગ પાસેથી મળ્યેથી ગ્રાન્ટની ફાળવણી કરશે.

(૮) ફક્ત મનરેગા (MG NREGA) હેઠળ જે ચેકડેમોનું બાંધકામ થયેલ હોય તે જ ચેકડેમોનાં મરામતની કામગીરી મનરેગા હેઠળ કરી શકાશે.

(૯) ચેકડેમોનાં રીપેરીંગ માટે જાહેર નિવિદાથી ટેન્ડર મારફત અથવા યુનીટ રેટ નક્કી કરીને સબંધિત વિભાગે રીપેરીંગની કામગીરી કરવાની રહેશે. જરૂર જણાયે જળસંપત્તિ વિભાગ દ્વારા નક્કી કરેલ જીલ્લા દીઠ યુનીટ રેટનો ઉપયોગ કરી અન્ય વિભાગો કામ કરાવી શકશે.

ગુજરાતનાં રાજ્યપાલશ્રીનાં હુકમે અને તેમનાં નામે.

(એસ.જી.પંડ્યા)
ઉપસચિવ (જળસંચય)

નકલ સાદર રવાના પ્રતિ,

- માનનીય મુખ્યમંત્રીશ્રીનાં અંગત સચિવશ્રી,
- માનનીય રાજ્યકક્ષાનાં મંત્રીશ્રી (જ.સં.) (સ્વતંત્ર હવાલો) નાં અંગત મદદનીશશ્રી,
- મુખ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ખર્ચ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, પાણી પૂરવઠા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નર અને સચિવશ્રી, ગ્રામવિકાસ વિભાગ, જુના સચિવાલય, બ્લોક નં.૧૬, ગાંધીનગર.
- તકેદારી આયુક્તશ્રી, ગુજરાત તકેદારી આયોગ, તકેદારી આયોગ ભવન, સેકટર-૧૦/બી, ગાંધીનગર,
- સચિવશ્રી, (જ.સં.) ન.જ.સં.,પા.પુ. અને ક. વિભાગ, ગાંધીનગર,
- મુખ્ય ઇજનેર (સૌ) અને અધિક સચિવશ્રી, ન.જ.સં.,પા.પુ. અને ક. વિભાગ, સચિવાલય, ગાંધીનગર,
- મુખ્ય ઇજનેર (ઉ.ગુ.) અને અધિક સચિવશ્રી, ન.જ.સં.,પા.પુ. અને ક. વિભાગ, સચિવાલય, ગાંધીનગર,
- મુખ્ય ઇજનેર (દ.ગુ.) અને અધિક સચિવશ્રી, ન.જ.સં.,પા.પુ. અને ક. વિભાગ, સચિવાલય, ગાંધીનગર,
- મુખ્ય ઇજનેર (મ.ગુ.) અને અધિક સચિવશ્રી, ન.જ.સં.,પા.પુ. અને ક. વિભાગ, સચિવાલય, ગાંધીનગર,
- મુખ્ય ઇજનેર (પં.) અને અધિક સચિવશ્રી, ન.જ.સં.,પા.પુ. અને ક. વિભાગ, સચિવાલય, ગાંધીનગર,
- મુખ્ય ઇજનેર (ગુ.નિ.) અને અધિક સચિવશ્રી, ન ન.જ.સં.,પા.પુ. અને ક. વિભાગ, સચિવાલય, ગાંધીનગર,
- ખાસ ફરજ પરનાં અધિકારીશ્રી (સિં.યો.), ન.જ.સં.,પા.પુ. અને ક. વિભાગ, સચિવાલય, ગાંધીનગર,
- નાયબ સચિવશ્રી (બજેટ), ન.જ.સં.,પા.પુ. અને ક. વિભાગ, સચિવાલય, ગાંધીનગર,
- અધીક્ષક ઇજનેરશ્રી, ન.જ.સ.પા.પુ.અને ક. વિભાગ, (તમામ) તરફ જાણ તેમજ જરૂરી કાર્યવાહી અર્થે.